



## કોર્પોરેટ



# અમે ૧ મિલિયન ટીવીના વેચાણનું લક્ષ્ય નક્કી કર્યું છે : એસપીપીએલ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

વધેલી ક્ષમતા, પોર્ટફોલિયોનું વિસ્તરણ અને ઓફલાઇન બજારમાં વધેલી ઉપસ્થિતિને પગલે ભારતીય બજાર માટે કેટલીક વૈશ્વિક બ્રાન્ડના પરવાના ધરાવતી અને ટીવી અને હોમ એપ્લાયન્સિસનું ઉત્પાદન કરતી કંપની સુપર પ્લાસ્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડે (એસપીપીએલ) ૨૦૨૫માં ટીવીના ૧ મિલિયન યુનિટના વેચાણના સ્તરને પાર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, તેમ ડિરેક્ટર અને સીઇઓ અવનીત સિંઘ મારવાહે આજે જણાવ્યું હતું. નોઇડા સ્થિત કંપની, જે થોમસન, કોડાક, બ્લૌપંક્ટ, વ્હાઇટ-વેસ્ટીંગહાઉસ અને વ્હાઇટવેસ્ટીંગ હાઉસ (ઇલેક્ટ્રોલક્સનો ટ્રેડમાર્ક) સહિત વૈશ્વિક બ્રાન્ડનો પોર્ટફોલિયો ધરાવ છે તેણે ભારતીય બજારમાં વધુ બે વૈશ્વિક બ્રાન્ડ માટે પરવાના હક ઉમેરવાની યોજના ઘડી છે. વધુમાં, તેણે રેફ્રિજરેટર જેવી નવી શ્રેણીની અંદર પ્રવેશ કરવાની યોજના ઘડી છે અને વોશિંગ મશીન, કુલર સહિતના એપ્લાયન્સમાં તેનું વિસ્તરણ કર્યુ છે. ચાલુ વર્ષે અમે ૬,૦૦,૦૦૦ ટીવી યુનિટનું વેચાણ કર્યુ છે અને આગામી વર્ષ ૨૦૨૫ માટે ૧ મિલિયનનું લક્ષ્યાંક નક્કી કર્યુ છે. ભારત બજારમાં પરવડીશકે તેવા તેના સ્માર્ટ ટીવીની શ્રેણી માટે ઓળખાતી કંપની રૂા.૭૦૦ કરોડની હાલની આવક ધરાવે છે. તેના ટીવી બિઝનેસમાંથી તેની આવતી મોટા ભાગની આવક, તેની ઓફલાઇન ઉપસ્થિતિ વિસ્તારી રહી છે.

કંપનીનો બજાર હિસ્સો વધ્યો છે, ભારતમાં ટીવી બજાર મોટા પ્રમાણે સ્થિર રહ્યું છે અથવા રોગચાળા દરમિયાન કરેલી ખરીદીને પગલે ઊંચા બેસને પગલે છેલ્લા બે વર્ષથી કેટલાક સેગમેન્ટમાં વૃદ્ધિ ઘટી છે, જ્યારે લોકો મોટા ભાગે તેમના આવાસોમાં કેદ હતા.

મોટા ભાગે સ્થિર રહ્યું છે અથવા તો કેટલાક સેગમેન્ટમાં ઘટાડો થયો છે. હાલમાં બ્રાન્સની બ્રાન્ડ થોમસને એસપીપીએલ વેચાણમાં સૌથી ઊંચો ફાળો આપ્યો છે, તના પછીના ક્રમે કોડાક અને બીજી બ્રાન્ડ છે. અમે બે વધુ બ્રાન્ડ

લેવાની પ્રક્રિયામાં છીએ, તેમણે ઉમેરતાં જણાવ્યું હતું કે ચર્ચા ચાલી રહી છે અને તેને જાન્યુઆરીમાં રજૂ કરીશું.

# ઇજિપ્તમાં બસો મિલિયન ડોલરનું રોકાણ કરી રહ્યા છીએ : યુફ્લેક્ષ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

ફ્લેક્સિબલ પેકેજિંગ અને સોલ્યુશન કંપની યુફ્લેક્સ બે પ્રોજેક્ટ પર ઇજિપ્તમાં ૨૦૦ મિલિયન ડોલર (રૂા.૧,૭૧૦ કરોડ)નું રોકાણ કરી રહી છે, જે પાડોશી દેશો અને યુરોપના બજારોમાં સેવાઓ પૂરી પાડવા માટે સ્થાનિક જરૂરીયાતને પૂરી પાડવા માટેની ટેકાના એકીકરણની વ્યૂહરચનાનો ભાગ છે, તેમ કંપનીના ટોચના અધિકારીએ જણાવ્યું હતું. કંપની બેકવર્ડ ઇન્ટિગ્રેશન સ્ટ્રેટજીના ભાગ રૂપે બીઓપીઇટી ફિલ્મો (પોલિએસ્ટર પેકેજિંગ ફિલ્મો) માટે જરૂરી કાચો માલ પીઇટી ચિપ્સ (પોલિઇથિલિન ટેરેક્થાલેટ)ના એકમ પર ૭૦ મિલિયન ડોલરનું રોકાણ કરી રહી છે અને એસેપ્ટિક પેકેજિંગ યુનિટ પર ૧૨૫-૧૩૦ મિલિયન ડોલરનું રોકાણ કરી રહી છે, જેમ કંપનીના પ્રેસિડન્ટ (ફાયનાન્સ અને એકાઉન્ટ) અને સીએફઓ રાજેશ ભાટિયાએ જણાવ્યું હતું. ઇજિપ્તમાં અમારા બે વિસ્તરણ ચાલી રહ્યા છે. અમે બીઓપીઇટી ફિલ્મો બનાવીએ છીએ જેના માટે અમને પીઇટી રેઝિન જરૂરી છે તેને પગલે પહેલું પીઇટી રેઝિન સુવિધા છે જે અમારુ બેકવર્ડ ઇન્ટિગ્રેશન છે. આ પ્રોજેક્ટ ઘણા વર્ષોથી ચાલુ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે જે કદ પ્રાપ્ત કર્યું છે તે જોતા ખાસ કરીને રશિયા, પોલેન્જ, ઇજિપ્ત અને નાઇજીરીયામાં અમારી ક્ષમતાઓ સ્થાપિત કર્યા પછી અમને લાગ્યું છે કાચા માલના દ્રષ્ટિકોણથી પણ પોતાને સુરક્ષિત રાખવાનો સમય આવી ગયો છે. ભારતમાં કંપનીએ તેની ભારતની જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂ ૧.૬૦૦ કરોડના રોકાણમાં પાણીપતમાં પીઇટી ચિપ્સ એકમ સ્થાપ્યું છે અને ચાલુ વર્ષે એપ્રિલમાં પૂરું થયું હતું. ઇજિપ્ત યુનિટ ઇજિપ્ત, મધ્ય પૂર્વ, યુરોપની (માગ) પૂરી કરશે અને જો હતું પણ બાકી રહે તો તેનો ઉપયોગ અમેરિકાની જરૂરીયાતો માટે કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૭૦ મિલિયન ડોલર થયો છે અને ચાલુ વર્ષના અંતે પૂરો થશે. ઇજિપ્તમાં બીજો અગ્રણી પ્રોજેક્ટ એસેપ્ટિક પેકેજિંગ યુનિટ છે.

### ક્વેસ આઇટી સ્ટાફિંગનો અહેવાલ

# ઉભરી રહેલી ટેકનોલોજી ૨૦૩૦ સુધીમાં ૧ મિલિયન જોબ સર્જશે

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને જનરેટિવ એઆઇ જેવી ઉભરી રહેલી ટેકનોલોજી ૨૦૩૦ સુધીમાં ૧ મિલિયન જોબનું નિર્માણ કરવાની અપેક્ષા છે, તેમ ક્વેસ આઇટી સ્ટાફિંગે એક અહેવાલમાં આર્ટિફિશિયલ ઇન્ટલિજન્સ અને મશીન લર્નિંગ (એમએલ), સાયબર સુરક્ષા, ક્લાઉડ કોમ્પ્યુટિંગ, ડેટા સાયનસ અને બ્લોકચેઇનના ક્ષેત્રોમાં કુશળતા ઉદ્યોગોને કેવી રીતે બદલી રહી છે તેની પર ભાર મૂકતાં જણાવ્યું હતું. ઉભરી રહેલી ટેકનોલોજી પણ ૨૦૩૦ સુધીમાં ભારતના અર્થતંત્રમાં ૧૫૦ અબજ ડોલરથી વધુ ફાળો આપે તેવી અપેક્ષા છે, જે વૈશ્વિક ટેકનોલોજી આગેવાન તરીકે તેનું સ્થાન મજબૂત બનાવે છે. આ બધામાં બેંગલુરુ ટેકનોલોજી ભરતીનું કેન્દ્ર બની રહ્યું છે. ટેકનોલોજીસ સ્કિલ્સ રિપોર્ટ ૨૦૨૪ અનુસાર ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને જનરેટિવ એઆઇ જેવી ઉભરી રહેલી ટેકનોલોજી ૨૦૩૦ સુધીમાં ૧ મિલિયનથી વધુ નોકરીઓનું સર્જન કરે તેવી અપેક્ષા છે. એઆઇ-એમએલ, સાયબર સુરક્ષા, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા સાયન્સ અને બ્લોકચેન જેવા ઉભરતા ક્ષેત્રોમાં ક્ષમતાઓ નવીન એપ્લિકેશન સાથે ઉદ્યોગને પરિવર્તિત કરી રહી છે. એઆઇ-એમએલ તાપસ, છેતરપિંડી શોધ, ગુણવત્તા નિયંત્રણ દ્વારા હેલ્થકેર, બેંકિંગ, નાણાંકીય સેવા અને વીમા (બીએફએસઆઇ), રિટેલ, ઓટોમોટિવ ઉત્પાદનમાં કાર્યક્ષમતા વધારે છે. ભારતના ટેકનોલોજી કાર્યબળમાં પરિવર્તનકારી બદલાવ જોવા મળી રહ્યો છે. એઆઇ-એમએલ અને ક્વોન્ટમ કમ્પ્યુટીંગ જેવી પ્રગતિશીલ ટેકનોલોજીઓ સાથે ઇઆરપી (એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ) જેવી પરંપરાગત કુશળકતાનો તાલમેલ અજોડ તકો રજૂ કરે છે, તેમ ક્વેસ આઇટી સ્ટાફિંગના સીઇઓ કપિલ જોશીએ જણાવ્યું હતું. બેંગલુરુ ભરતીના ક્ષેત્રમાં પ્રભુત્વતા જાળવી રહ્યું છે.

# નવ કંપનીઓની ૨૩ મિલકતોની ફેબ્રુઆરીમાં હરાજી કરાશે : સેબી

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

સેબીએ આજે જણાવ્યું હતું કે તેણે ટાવર ઇન્ફોટેક અને વિબગ્યોર ગ્રુપ ઓફ કંપનીઝ જેવી નવ કંપનીઓની ૨૩ મિલકતોની હરાજીનું આયોજન કર્યું છે, જેનો હેતુ રોકાણકારો પાસેથી ગેરકાયદેસર રીતે એકત્રિત કરાયેલા ભંડોળને પુનઃ પ્રાપ્ત કરવાનો છે. વધુમાં, જીબીસી ઇન્ડસ્ટ્રિયલ કોર્પોરેશન, વારીસ ગ્રુપ, પિનકોન ગ્રુપ, કોલકાતા વેર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (કેડબ્લ્યુઆઇએલ), એનેક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્ડિયા, આઇ-કોર ગ્રુપ અને એમપીએસ ગ્રુપ એવી અન્ય કંપનીઓ હતી જેમની મિલકતોની પણ હરાજી કરવામાં આવશે. કોલકત્તા હાઇ કોર્ટના આદેશ બાદ બજાર નિરીક્ષક દ્વારા કંપનીઓની સંપત્તિના વેચાણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ મિલ્કતોમાં પશ્ચિમ બંગાળમાં સ્થિત પ્લોટ, એપાર્ટમેન્ટ અને બિલ્ડિંગનો સમાવેશ થાય છે. તે રૂા.૫૫ કરોડના અનામત ભાવમા હરાજી થશે, તેમ સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા જારી કરેલી નોટીસમાં જણાવ્યું હતું. જસ્ટિસ શૈલેન્દ્ર પ્રસાદ તાલુકદારને પેઢીની સંપત્તિમાં ફડચામાં લેવા અને રોકાણકારોને ચૂકવણી કરવા માટે એક વ્યક્તિની સમિતિ તરીક નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પગલું રોકાણકારોના નાણાં વસૂલવાના સેબીના પ્રયાસોનો એક ભાગ છે. મિલકતોના વેચાણમાં મદદ કરવા માટે સેબી દ્વારા એડ્રોઇટ ટેકનિકલ સર્વિસિસને રોકવામાં આવી છે.

૨૩ મિલકતોમાથી સાત સાત ટાવર ઇન્ફોટેક અને વિબગ્યોર ગ્રુપની, બે દરેક વારિસ ગ્રુપન એબીસી ઇન્ડસ્ટ્રિયલ કોર્પોરેશન અને બાકીની એમપીએસ ગ્રુપ, આઇ-કોર ગ્રુપ, એનેક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્ડિયા, કેડબલ્યુઆઇએલ અને પિનકોન ગ્રુપની છે. સેબીએ સમિતિ તરફથી બિડર પાસેથી મિલકતોના વેચાણ માટે બિડ મંગાવી રહી છે. નિયમનકારે જણાવ્યું હતું કે હરાજી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૧થી બપોરે ૧ વાગ્યા સુધી ઓનલાઇન કરવામાં આવશે.

# બીઆઇઆઇ અમારી ઇવી બ્રાન્ચમાં ૬૫૦ કરોડ રોકશે : એમએન્ડએમ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

ઓટો કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (એમએન્ડએમ)એ આજે જણાવ્યું હતું કે બ્રિટિશ ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટમેન્ટ પીએલસી તેની ઇલેક્ટ્રિક વ્હિકલ બ્રાન્ચમાં રૂા.૭૨૫ કરોડના અગાઉના આયોજીત રોકાણ સામે અંતિમ તબક્કામાં રૂા.૬૫૦ કરોડ રોકશે.

ચાલુ વર્ષે મેમાં જાણ કરી હતી કે તે અને બીઆઇઆઇ મહિન્દ્રા ઇલેક્ટ્રિક ઓટોમોબાઇલ લિમિટેડ (એમઇએએલ)માં બીઆઇઆઇના રૂા.૭૨૫ કરોડના આયોજિત રોકાણના અંતિમ તબક્કા માટે સમય મર્યાદા લંબાવવા માટે પરસ્પર સંમત થયા છે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં વધારાના રોકાણની જરૂર છે કેમકે તેનું સંયુક્ત રીતે મૂલ્યાંકન કરશે, તેમ કંપનીએ એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. આ સંદર્ભમાં કંપનીએ જણાવ્યું હતું કે કંપની અને બીઆઇઆઇ સંયુક્ત રીતે એમઇએએલ માટે ભંડોળની જરૂરિયાતનું મૂલ્યાંકન કર્યું છે જેના આધારે પરસ્પર સંમતિ થઇ છે કે બીઆઇઆઇ (એટલે કે બીઆઇઆઇ અથવા બીઆઇઆઇ ઇન્ડિયા ઇવી એલએલપી)ના રોકાણનો અંતિમ તબક્કો ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં પૂરો થતાં રૂા.૭૨૫ કરોડની આયોજીત યોજના સામે રૂ ૧.૬૫૦ કરોડ હશે.

પરિણામે એમઇએએલમાં બીઆઇઆઇ ગ્રુપ દ્વારા કુલ રૂ ૧.૧,૮૫૦ કરોડનું રોકાણ થશે, જેના પરિણામે બીઆઇઆઇ ગ્રુપ એમઇએએલની શેર મૂડીના ૨.૬૪ ટકાથી ૪.૫૮ ટકાની શ્રેણીમાં શેરહોલ્ડિંગ ધરાવશે, જે સંપૂર્ણપણે ડાયલ્યુટ હશે. એમએન્ડએમ ઇલેક્ટ્રિક બ્રાન્ડના બે નવા ગ્રાઉન્ડઅપ માટે ઉત્પાદન ક્ષમતાના નિર્માણ સહિત કુલ વિકાસને રૂા.૪,૫૦૦ કરોડને કટિબદ્ધ છે.

રોકાણ ૨૦૨૨-૨૭ વચ્ચે ઇલેક્ટ્રીક વ્હિકલ બિઝનેસની જાહેરાતમાં કંપની રૂા.૧૬,૦૦૦ કરોડના મૂડી ખર્ચનો ભાગ છે.

મુંબઇ સ્થિત ઓટો અગ્રણી બે ગ્રાઉન્ડ અપ બોર્ન ઇલેક્ટ્રિક મોડલ માટે તેના ચકન સ્થિત પ્લાન્ટમાં વાર્ષિક ૯૦,૦૦૦ યુનિટની ઉત્પાદન ક્ષમતા નિર્માણ કરે છે.

# એર કેરલ ૨૦૨૫ના જૂન સુધીમાં તેની કામગીરીનો શુભારંભ કરશે

પીટીઆઇ
મુંબઇ, તા. ૩૦

એર કેરલે આજે જણાવ્યું હતું કે તે આગામી વર્ષે જૂન મહિના સુધીમાં તેની કામગીરી શરૂ કરવાની યોજના ઘડી રહી છે અને તેની પ્રથમ ફ્લાઇટ કન્નુર ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી હશે. પ્રથમ સ્થળની જાહેરાત કર્યા સિવાય આગામી એરલાઇન જેણે સીઇઓ અને સીએફઓ સહિત તમામ મુખ્ય હોદ્દાઓ પહેલાથી જ નિયુક્ત કરી દીધા છે તેણે જણાવ્યું હતું કે તેણે પ્રાદેશિક માર્ગો પર ફ્લાઇટ સર્વિસ શરૂ કરવા માટે ખાનગી એરપોર્ટ ઓપરેટર કન્નુર ઇન્ટરનેશનલ (કેઆઇએએલ) સાથે કરાર કર્યો છે.

બંને કંપનીઓ વચ્ચેના કરારના ભાગ રૂપે એર કેરલ શરૂઆતમાં કન્નુરથી નજીકના સ્થાનિક સ્થળોએ દોઢ કલાકની ફ્લાઇટ રેન્જમાં નોંધપાત્ર સંખ્યામાં પ્રસ્થાનો ધરાવશે. કન્નુર એરપોર્ટ પર પહેલાથી જ માળખું ઉપલબ્ધ છે અને ઉડ્ડયન ઉદ્યોગમાં પ્રવેશ કરનાર તરીકે એરપોર્ટ સંચાલને કન્નુરમાં બેઝ સ્થાપવા માટે એર કેરલને તમામ સહાયની ઓફર કરી છે, તેમ એર કેરલના ચેમરેન અફી અહેમદે જણાવ્યું હતું.

અમે આ તકનો લાભ લઇને જાહેરાત કરીએ છીએ કે કન્નુર ઇન્ટરનેશ એરપોર્ટ અમારી કામગીરી વ્યૂહરચનામાં મુખ્ય ખેલાડી બનશે.

કેઆઇએએલ સાથે અમારી ભાગીદારી અમને આંતરરાષ્ટ્રીય કામગીરીની તૈયારી કરતી વખતે મુખ્ય પ્રદેશોને સ્થાનિક રીતે જોડવાની મંજૂરી આપે છે. સાથે મળીને અમે મુસાફોને વિશ્વસનીય, સસ્તું અને કાર્યક્ષમ મુસાફરી વિકલ્પો પ્રદાન કરવાનો લક્ષ્ય રાખીએ છીએ.


કેરળ સ્થિત ઉડ્ડયન કંપની ચાલુ વર્ષે જુલાઇમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી નો-ઓબ્જેક્શન પ્રમાણપત્ર મળ્યું હતું. હાલમાં તે ડીજીસીએને ફ્લાઇટ મંજૂરી માટે અરજી કરવાની પ્રક્રિયામાં છે.

જે તેને ફરજિયાત માર્ગ પર વેપારી સેવાઓ શરૂ કરવાની મંજૂરી આપશે.

# ઓએમસી પાવર પાસેથી રૂફટોપ પ્રોજેક્ટ મેળવ્યો : જેક્સન સમૂહ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

ઉર્જા અને માળખાગત સવલતોને લગતા સોલ્યુશન્સ પૂરા પાડતા જેક્સન ગ્રુપે આજે જણાવ્યું હતું કે તેણે ઓએમસી પાવર પાસેથી ૫૦ મેગાવોટના સોલર રૂફટોપ પ્રોજેક્ટ માટે રૂપિયા ૨૦૦ કરોડનો ઓર્ડર પ્રાપ્ત કર્યો છે. સોલર રૂફટોપ પ્રોજેક્ટ દર વર્ષે ૬૨,૫૦૦ ટન કાર્બન ડાયોક્સાઇડની ભરપાઇ કરે તેવી અપેક્ષા છે, જે ૨૫,૦૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવા બરાબર છે. નિવેદન અનુસાર જેક્સન ગ્રુપ અને ઓએમસી પાવરે ૫૦



મેગાવોટના સૌર રૂફટોપ પ્રોજેક્ટના અમલીકરણ માટે ભાગીદારીની જાહેરાત કરી છે. ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા સોલાર રૂફટોપના ઓર્ડરમાથી એક છે, જેનું મૂલ્ય અંદાજીત રૂા.૨૦૦ કરોડ છે. જેક્સન ઉત્તર પ્રદેશના તમામ ૭૫ જિલ્લામાં સોલાર રૂફટોપ સિસ્ટમના અમલીકરણમાં મુખ્ય ભાગીદાર તરીકે કાર્ય કરશે. સત્તાવાર કરાર પર જેક્સન ગ્રુપના ચેરમેન અને એમડી (સીએમજી) સમીર ગુપ્તા અને ઓએમસી પાવરના મેનેજિંગ ડિરેક્ટર (એમડી) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) રોહિત ચંદ્રાની હાજરીમાં હસ્તાક્ષર થયા હતા. ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતના સૌથી મોટા સૌર રૂફટોપ પ્રોજેક્ટમાથી એકમાં ખેલાડી તરીકે જેક્સન ખાતે અમે સીમાચિન્હરૂપ પહેલમાં અમારી કુશળતાનું યોગદાન આપવા બદલ સન્માનિત છીએ. ઓએમસી પાવર અને જેક્સન ગ્રુપ વચ્ચેન આ ભાગીદારી ટકાઉ વિકાસ અને ઉર્જા સ્વતંત્રતા તરફ ઉત્તર પ્રદેશની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે, એમ ગુપ્તાએ યાદીમાં ઉમેર્યુ હતું.

# રેફેક્સ રિન્યુએબલ્સ એન્ડ ઇન્ફ્રાની શાખાએ વાયઝેગ બાયો એનર્જીમાં ૫૧ ટકા ઇક્વિટી હિસ્સો ખરીદ્યો

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

રેફેક્સ રિન્યુએબલ્સ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરે આજે જણાવ્યું હતું કે તેની શાખા રેફેક્સ સસ્ટેનેબિલિટી સોલ્યુશન્સ લિમિટેડ (અરાએસએસએલ)એ વાયઝેગ બાયો એનર્જી ફ્યુઅલમાં ૫૧ ટકા ઇક્વિટી હિસ્સાનું હસ્તાંતરણ પૂરું કર્યું છે. એક નિયમનકારી યાદી અનુસાર વાયઝેગ બાયો એનર્જી ફ્યુઅલ (વાયઝેગ બાયો) ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજથી આરએસએસએલની પેટા કંપની અને રેફેક્સ રિન્યુએબલ્સ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની પેટા કંપની બની ગઇ છે. સંપૂર્ણ માલિકીની પેટા કંપની આરએસએલએલે બાયઝેગ બાયોમાં નવી ઇક્વિટી દાખલ કરીને હાલના સ્થપકો પાસેથી ૫૧.૦૩ ટકા ઇક્વિટી હિસ્સાનું હસ્તાંતરણ પૂરું કર્યું છે, જેનાથી આ એકમ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪થી આરએસએસએલની પેટા કંપની અને રેફેક્સ રિન્યુએબલ્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અલગ થયેલી પેટા કંપની બની ગઇ છે, તેમ યાદીમાં જણાવ્યું હતું. વાયઝેગ બાયો એક કોમ્પ્રેસ્ડ બાયો ગેસ (સીબીજી) પ્લાન્ટ ચલાવે છે, જે અલગ કરાયેલ મ્યુનિસિપલ કચરામાથી બાયોગેસ ઉત્પન્ન કરે છે, જેમાં મ્યુનિસિપલના ઘન કચરામાંથી મેળવેલા કોર્બનિક પદાર્થોની પ્રક્રિયા કરવામાં આવે છે. આ પ્લાન્ટ દરરોજે ૮૫૦કિલો સીબીજી ઉત્પાદન કરવાની ક્ષણતા સાથે ડિઝાઇન કરવામા આવ્યો છે, જે તેના ગ્રીન ઇંધણ ઉત્પાદનમાં નોંધપાત્ર ફાળો આપે છે.

એક અલગ નિયમનકારી યાદીમાં કંપનીએ જણાવ્યું હતું કે હાલના સ્થાપકો પાસેથી ઇક્વિટી શેરો ખરીદ કરવા અને નવી મૂડી ઉમેરવા માટે હસ્તાંતરણનો ખર્ચ રૂપિયા ૨.૯૦ કરોડ જેટલો છે.